<u>નવી બાબત ૨૦૧૯-૨૦</u>

કુલ-૦૭ કુમાર/કન્યા સરકારી છાત્રાલય તેમજ કુમાર/કન્યા આદર્શ નિવાસી શાળાના મકાનના મરામત બાબત રૂ.૩૩૬,૪૦,૯૦૦/-

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અજાક/૧૦૨૦૧૯/ન.બા.૭૫/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૧૩/૦૧/૨૦૨૦

**<u>વંચાણમાં લીધા:</u>**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૯/૦૯/૧૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) નિયામકશ્રી(અ.જા.ક.)નો તારીખ વગરનો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧-૧-૨૦૧૯-૧૨૯૨૬

(૩) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૫/૧૧/૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧-૧-૨૦૧૯-૧૩૧૦૯

(૪) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૬/૧૧/૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧-૧-૨૦૧૯-૧૩૨૧૬

(૫) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૬/૧૧/૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧-૧-૨૦૧૯-૧૩૨૧૭

(૬) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૩/૧૨/૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./ગ-૧-૧-૨૦૧૯-૧૩૨૩૪

**<u>આ મુ ખ :</u>**

અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકના સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોર્ડનાઇઝેશન યોજનામાં સરકારી મકાનો જેવા કે, કુમાર/કન્યા સરકારી છાત્રાલયો, કુમાર/કન્યા આદર્શ નિવાસી શાળાઓ, સરકારી મકાનોના રીપેરીંગ / રીનોવેશન વિગેરેની કામગીરી માર્ગ અને મકાન વિભાગ મારફતે કરવામાં આવે છે. વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના તા.૦૯/૦૯/૧૯ના ઠરાવથી સરકારી કુમાર/ કન્યા છાત્રાલયો તથા આદર્શ નિવાસી શાળાઓ કુમાર/ કન્યાના મકાન રીપેરીંગ માટેની કુલ રૂ.૫૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) થી (૬) સામેના નિયામકશ્રી(અ.જા.ક.)ના વિવિધ પત્રોથી સરકારી કુમાર/ કન્યા છાત્રાલયો તથા આદર્શ નિવાસી શાળાઓ કુમાર/ કન્યાના મકાન રીપેરીંગ માટે ખર્ચ કરવાની મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ:

પુખ્ત વિચારણાને અંતે (૧) ડૉ. બાબા સાહેબ આંબેડકર સરકારી કુમાર છાત્રાલય-ભાવનગર માટે રૂ.૬૫,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા પાંસઠ લાખ પુરા) ની, (૨) સરકારી કુમાર છાત્રાલય, કેશોદ, જિ. જુનાગઢ માટે રૂ.૪૩,૬૭,૯૦૦/-(અંકે રૂપિયા તેત્તાલીસ લાખ સડસઠ હજાર નવસો પુરા) ની, (૩) મહાત્મા ગાંધી સરકારી કુમાર છાત્રાલય, રાજકોટ માટે રૂા.૮,૭૪,૬૦૦/-(અંકે રૂપિયા આઠ લાખ ચુંમોતેર હજાર છસો)ની, (૪) આદર્શ નિવાસી શાળા (અનુ.જાતિ) કુમાર, રાજકોટ માટે રૂ.૩,૨૬,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ છવ્વીસ હજાર પુરા)ની (૫) આદર્શ નિવાસી શાળા (અનુ.જાતિ) કુમાર, કેશોદ, જિ.જૂનાગઢ માટે રૂા.૧,૭૭,૮૮,૦૦૦/- (અંકે એક કરોડ સિત્યોતેર લાખ ઈઠ્ઠાસી હજાર પુરા) ની, (૬) આદર્શ નિવાસી શાળા (અનુ.જાતિ) કન્યા, પોરબંદર, જિ.પોરબંદર માટે રૂ.૧,૭૬,૧૦૦/-(અંકે રૂપિયા એક લાખ છોતેર હજાર સો પુરા) ની અને (૭) આદર્શ નિવાસી શાળા (અનુ.જાતિ) કુમાર, ખમીસણા, જિ.સુરેન્દ્રનગર માટે રૂ.૩૬,૦૮,૩૦૦/-(અંકે રૂપિયા છત્રીસ લાખ આઠ હજાર ત્રણસો પુરા) ની એમ ૦૩ છાત્રાલય અને ૦૪ આદર્શ નિવાસી શાળા મળીને કુલ-૦૭ મરામત માટેની કુલ રૂ.૩,૩૬,૪૦,૯૦૦/- (અંકે ત્રણ કરોડ છત્રીસ લાખ ચાલીસ હજાર નવસો પુરા)નો ખર્ચ કરવાની વિભાગના તા.૦૯/૦૯/૧૯ના સરખા ક્રમાંકના ઠરાવ અનુસાર કામગીરી હાથ ધરવાની શરતે આથી મંજૂરી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- ૦૪ SCW-32 સરકારી મકાનોના અપગ્રેડેશન અને મોડર્નાઇઝેશન હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૦૧/૦૧/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:</u>

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦